eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 268
April 22, 2011



## ડો.બાબાસાહેબ આંબેડકરનો જન્મ જયંતિ મહોત્સવ

વિશ્વ વિભૂતિ–મહામાનવ ભારત રત્ન પૂજ્ય ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૪/૦૪/૨૦૧૧ ને સવારે ૮.૦૦ કલાકે માન દરવાજા સ્થિત ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને વંદના અને સુતરાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ઉજવણી નિમિત્તે "વર્લ્ડ હેરીટેજ ડે"ની ઉજવણી નિમિત્તે તા. ૧૮/૪/૨૦૧૧ ને સોમવારના રોજ પેડલસ્ટેલ લંગરની ઉદ્‌ઘાટનવિધિ તથા સુરત અને રાંદેરના પ્રાચીન અને ઐતિહાસિક ઈમારતો પર આધારિત "At the Core" પુસ્તિકા વિમોચનનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા દ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ઉજવણી નિમિત્તે "વર્લ્ડ હેરીટેજ ડે" ની ઉજવણી નિમિત્તે તા. ૧૮/૪/૨૦૧૧ ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે પેડલસ્ટેલ લંગરની ઉદ્‌ઘાટનવિધિ તથા સુરત અને રાંદેરના પ્રાચીન અને ઐતિહાસિક ઈમારતો પર આધારિત "At the Core" પુસ્તિકા વિમોચનનો કાર્યક્રમ મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ એ. દેસાઈ(રાજુ દેસાઈ) ના વરદ્‌હસ્તે રાખવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

# ડો.બાબાસાહેબ આંબેડકરનો જન્મ જયંતિ મહોત્સવ



વિશ્વ વિભૂતિ—મહામાનવ ભારત રત્ન પૂજય ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૪/૦૪/૨૦૧૧ ને સવારે ૮.૦૦ કલાકે માન દરવાજા સ્થિત ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને વંદના અને સુતરાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, સાંસદશ્રી સી.આર.પાટીલ, સાંસદશ્રી પ્રવિણભાઈ નાયક, ડે.મેયરશ્રીમતી છાયાબેન ભુવા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, ડે.કમિશ્નર(પ. અને ઈ.) શ્રી સી.જે.ગામીત, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, શહેરની વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓએ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી ચઢાવી વંદના કરી હતી. ''સમતા'' ના સિધ્ધાંત પર વિશ્વ શાંતિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર પ્રખર રાષ્ટ્રપુરૂષ, દેશના પ્રથમ કાયદામંત્રી, વિદ્વાન કાયદાશાસ્ત્રી—અર્થશાસ્ત્રી, તત્વજ્ઞાની, ઈતિહાસવિદ, પ્રખર વકતા—લેખક એવા મહામાનવ ડો.બાબાસાહેબ આંબેડકરનું મોટું યોગદાન રહયું હતું. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાના બાળકો અને સ્કાઉટ સ્ટુડન્ટસ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ઉજવણી નિમિત્તે "વર્લ્ડ હેરીટેજ ડે"ની ઉજવણી નિમિત્તે તા. ૧૮/૪/૨૦૧૧ ને સોમવારના રોજ પેડલસ્ટેલ લંગરની ઉદ્‌ઘાટનવિધિ તથા સુરત અને રાંદેરના પ્રાચીન અને ઐતિહાસિક ઈમારતો પર આધારિત "At the Core" પુસ્તિકા વિમોચનનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા દ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ઉજવણી નિમિત્તે "વર્લ્ડ હેરીટેજ ડે" ની ઉજવણી નિમિત્તે તા. ૧૮/૪/૨૦૧૧ ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે પેડલસ્ટેલ લંગર ની ઉદ્‌ઘાટનવિધિ તથા સુરત અને રાંદેરના પ્રાચીન અને ઐતિહાસિક ઈમારતો પર આધારિત "At the Core" પુસ્તિકા વિમોચનનો કાર્યક્રમ મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ એ. દેસાઈ (રાજુ દેસાઈ) ના વરદ્‌હસ્તે રાખવામાં આવ્યું હતું.

જે પ્રસંગે મા. કમિશ્નરશ્રીએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે સુરત પ્રાચીનકાળથી બંદર તરીકે ઓળખાય છે. અહી પહેલા પ્રાચીનકાળમાં ૮૪ દેશોની વાવટા ફરકતા હતા. જેથી આ વિસ્તારનું નામ ચોર્યાસી પડયું. શહેરનો ઐતિહાસિક વારસો જળવાઈ રહે જેના માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા UMC અમદાવાદને સર્વેની કામગીરી સોંપવામાં આવી હતી. જેમણે શહેરની પ્રાચીન ઈમારતો ૨૮૦૦ થી વધુ બિલ્ડીંગોને શોધી સર્વેને આધારે ડેટાબેજ તથા અન્ય સંસ્થાઓના સહકારથી "At the Core" નામનું સુંદર પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. વધુમાં સુરત મહાનગરપાલિકાએ હેરીટેજ પોલીસી તૈયાર કરી છે. જેને સ્થાયી સમિતિનું પણ અનુમોદન મળેલ છે. કદાચ ભારતભરમાં પ્રથમવાર ખુબ જ હકારાત્મક પાસાઓને આવરી લઈને આ પાસાઓનો હેરીટેજ પોલીસીમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં મિલ્કતદારોન પણ મદદરૂપ થવા પ્રોગ્રેસીવ પોલીસી તૈયાર કરવામાં આવી છે.સુરત મહાનગરપાલિકાની કામગીરી રસ્તા, પાણી, ગટર સુધી સિમિત ન રહેતાં હેરીટેજ ક્ષેત્રે પણ કામગીરીનો શુભારંભ કર્યો છે.

આ પ્રસંગે UMC ના કુ. માનવિતા બારાડીએ પુસ્તકની માહિતી આપતા જણાવ્યું કે આ પુસ્તકમાં શહેરની પ્રાચીન સમયથી લઈને અત્યાર સુધીના શહેરના વિકાસની માહિતી આપવામાં આવી છે. વધુમાં આ પુસ્તક લોકોને જરૂરથી ઉપયોગી થઈ પડશે એવી રસપ્રદ માહિતી આપવામાં આવી છે. આજે અહીં લંગરના ઉદઘાટનથી શહેરની ઐતિહાસિક પ્રાચિનતાની ઓળખ ઉભી થઈ છે.

**Continue …**




મા.મેયરશ્રીએ આ પ્રસંગે ઉદબોધનમાં જણાવ્યું હતું કે સુરત વિશ્વનું ધરોહર છે. અને વર્લ્ડ હેરીટેજ સીટીનું વધુ દાવેદાર રહયું છે. અહીં પોર્ટુગીઝ, ડચ, ફ્રેંચ, અંગ્રેજો, આર્મેનીયન વગેરે પ્રજાહો અહીં આવીને રહી હતી. અને વ્યાપાર સાથે જોડાયેલ. જેથી વિશ્વમાં ઈન્ડિયા એટલે જ સુરત કહેવાતું. સુરત તથા ડુમસમાં પણ પ્રાચીન લંગરો રાખવામાં આવેલ છે. સુરતના કોફી હાઉસમાં વિશ્વના લોકો ભેગાં થઈને ચર્ચા વિચારણા કરતાં હતા. અને મોગલ શાસન દરમ્યાન ચોયાસી દેશોમાંથી લોકો વ્યાપાર–ધંધા અર્થે સુરત આવતાં. મહાનગરપાલિકા અને સરકારના પ્રયત્નોથી શહેરના ઐતિહાસિક ધરોહરને જાળવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગે આ પ્રસંગે જણાવ્યું હતું કે વર્લ્ડ હેરીટેજ ડે ને ઐતિહાસિક ધરોહરનો સંરક્ષણ કરવાની હેરીટેજ નીતિમાં નકકર પોલીસીનું આયોજન કરવામાં આવ્યું છે. અને બજેટમાં પણ એની જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારબાદ મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈના વરદ્હસ્તે "At the Core" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

અંતમાં વોર્ડ સદસ્યશ્રી વિજયભાઈ માસ્તરે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે રાજયસભાના સાંસદશ્રી પ્રવિણભાઈ નાયક, મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.ડે.મેયરશ્રીમતિ છાયાબેન ભુવા, મા.સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા.શાસકપક્ષના નેતા શ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ ગીતાબેન પટેલ, મા. કમિશનરશ્રી એસ. અપર્ણા, UMC અમદાવાદના કુ. માનવિતા બારાડી, સેલર સ્પોર્ટસ કલબના પ્રમુખ શ્રી ગણેશભાઈ સેલર, વોર્ડ સદસ્યશ્રી વિજયભાઈ માસ્તર, શ્રીમતિ રંજનબેન પટેલ તથા વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ તથા શહેરના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**TOP**